ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરમાં ૩૫થી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસ બંધ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક પરિક્ષાનો રાફડો ફાટ્યો હતો. એક સમયે રાજયના પાટનગરમાં ૧૦૦થી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસ ધમધમતા હતા. ઈબીસી કવોટા સરકારે જાહેર કર્યો હોવાથી વિવિધ વિભાગો દ્વારા રોસ્ટરમાં જરુરી ફેરફાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જેને પગલે રાજય સરકારની તમામ ભરતી પ્રક્રિયા પર રોક લાગી હોય તેમ લાગી રહ્યું છે. જેને પગલે સ્પર્ધાત્મક પરીક્ષા આવતી ન હોવાથી મહિનાના હજ્જારો રૂપીયા ખર્ચીને તૈયારી કરતા ઉમેદવારો પોતાના માદરે વતન ચાલી ગયા છે. જેથી લાખો રૂપીયા ભાડુ ચુંકવીને ધમધમતા કલાસીસની હાલત બગડી જવા પામી છે. શહેરમાંથી ઉમેદવારો જતા રહેતા નામાંકિત ગણ્યા ગાંઠ્યા કલાસીસ કાર્યરત છે. બાકીના શહેરમાંથી ૩૫થી વધુ કલાસીસ બંધ થઈ ગયા છે. જયારે જે કાર્યરત છે તેમાં પણ કેટલાક કલાસ સંચાલકોએ અન્ય શાખાઓ બંધ કરી દીધી છે તો કેટલાક કર્ચમારીઓની છટણી કરી દીધી છે. જયારે કલાસીસ પણ મોટામાંથી નાના કરી દેવામાં આવ્યા છે. જેને પગલે ભાડામાં પણ ફેરફાર થયો છે. શહેરમાં હાલના સમયે ગણતરીના કલાસ સંચાલકોને ત્યાં કલાસ ૧ અને ૨ તેમજ આગામી સમયમાં આવનાર બિન સચિવાલય, પંચાયત મંત્રી, પીઆઈ, જુનિયર કલાર્ક, ઓફિસ આસીસ્ટન્ટ સહિતની ભરતી માટે ઉમેદવારો તૈયારી કરી રહ્યા છે. પરંતુ ૧૦ ટકા ઈબીસીને લઈ ભરતી ન હોવાથી ઉમેદવારો શહેરને છોડીને જતા લાયબ્રેરી સંચાલકો પણ મુંઝવણમાં મુકાઈ ગયા છે. એક તરફ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા ઉમેદવારો અને ધો-૧૦ અને ૧૨ ની પરિક્ષા પૂર્ણ થઈ જતા વિદ્યાર્થીઓ પણ શહેરમાંથી જતા રહેતા શહેરમાં જે વિદ્યાર્થીઓ અને યુવાનોનો ધમધમાટ જોવા મળતો હતો તે હાલ જોવા મળતો નથી. સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ એરીયામાં જોવા મળતી ભીડને બદલે હાલ આ એરીયા સુમસામ લાગી રહ્યા છે ત્યારે હાલ કાર્યરત કલાસ સંચાલકોને પણ કલાસ કેવી રીતે ચાલુ રાખવા તે માટે મથામણ કરી રહ્યા છે.

## પાન પાર્લરની આડમાં લાઈવ મેચ પર સટ્ટો રમાડતા બે યુવાનોને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં આઈપીએલ ક્રિકેટ ફીવરનો રંગ બરાબરનો જામ્યો છે. રાત્રીના ૮ વાગતા જ ક્રિકેટ પ્રેમીઓ ટીવી સામે ગોઠવાઈ જાય છે ત્યારે આઈપીએલ મેચમાં લાઈવ મેચ પર સટ્ટો રમતા અને રમાડતા પણ ઘણા હશે. ત્યારે ભાઈજીપુરા પાટીયા પાસે પાન પાર્લરની આડમાં લાઈવ મેચ પર સટ્ટો રમાડતા બે યુવાનોને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા છે. એલસીબી પોલીસે સટ્ટોડીયાઓ પાસેથી બે મોબાઈલ, રોકડા, અને ટીવી મળીને કુલ રૂ.૩૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તે બંન્ને યુવાનો સામે ઈન્ફોસીટી પોલીસ મથકે જુગારધારાનો ગુનો નોંધાવ્યો છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પોલીસ ટીમ રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતી તે સમયે પોલીસ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે કુડાસણ ભાઈજીપુરા પાટીયા પાસે સીગ્રેચર પાન પાર્લરમાં લાઈવ મેચ પર સટ્ટો રમાડાય છે. જેને પગલે પોલીસે રવિવારે રાત્રીના સમયે દરોડા પાડ્યો હતો. જેમાં રોયલ ચેલેન્જર બેંગ્લોર તેમજ દિલ્હી કેપીટલની લાઈવ મેચ પર બે શખ્સો સટ્ટો રમાડી રહ્યા છે. પોલીસે હાથે પકડાયેલા બે ઈસમોમાં પાર્થ કનૈયાલાલ પટેલ રહે. એફ-૭૦૧ સાર્થક એરા, સરગાસણ, તથા રાકેશ પ્રહલાદભાઈ પટેલ રહે. ૧૨ શ્લોક રીવેરા, જાનવી ફાર્મની બાજુમાં કુડાસણનો સમાવેશ થાય છે. પોલીસે બંન્ને પાસેથી ૧૦ હજારની કિંમતના બે મોબાઈલ રૂ.૫ હજાર રોકડા, રૂ.૧૫ હજારનું એલઈડી ટીવી, સેટઅપ બોકસ રીમોટ મળી કુલ રૂ.૩૧,૨૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આરોપીઓ સાથે અન્ય કોઈ સંકળાયેલા છે કે નહી તેમની પાસે સટ્ટો લખાવતા સટ્ટોડીયા સુધી પહોંચવા માટે તપાસ આગળ વધારી છે.





મરચું મસાલા અને ધાણાની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી રહી છે. ખ-૨ના મુખ્યમાર્ગ પર મસાલા ભંડાર પર મહિલાઓએ ભીડ જમાવી છે.



ઉનાળામાં છાશ શરીરને અદભૂત ઠંડક આપે છે. ગરમી વધતા ઠંડી છાશનું વેચાણ વધ્યું છે. ગ રોડ પર બાળકો છાશનું વેચાણ કરતા નજરે ચઢી રહ્યા છે.

## ગાંધીનગરની બીબીએ કોલેજની એલ્યૂમિની મીટ યોજાઈ

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બીઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા ભૂતપુર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્ષનો કાર્યક્રમ સરખેજ-ગાંધીનગર હાઈવેપર, ખોરજ સ્થિત શ્રી અતિથી ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે યોજાયો હતો. જેમાં ૨૫૦ ભૂતપુર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કૉલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિએ ઉપસ્થિત તમામ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી તેઓએ યૂનિવર્સિટી, ટ્રસ્ટ અને કૉલેજવતી સૌનું સ્વાગત કર્યુ હતુ. તેઓએ પ્રાસંગિક સંબોધનમાં પૂર્વ વિદ્યાર્થીઓને કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કોલેજની સ્થાપનાથી લઈ આજ સુધીની સીદ્ધિઓ વિષે વાકેફ કર્યા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વિકાસમાં પણ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનો સિંહ ફાળો છે. તેમજ યુનિવર્સિટીની સીદ્ધિઓ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. કૉલેજનાં ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ તથા આજના કાર્યક્રમનાં ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્નાએ વિદ્યાર્થીઓને કૉલેજ દ્વારા વર્ષ દરમ્યાન ચાલતી પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો. તેઓ ૨૦૦૨થી લઈ ૨૦૧૮ સુધીનાં ઉતીર્ણ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ માટે કડી રૂપ બન્યા હતા. તેમણે કાર્યક્રમનાં ઉદેશ્ય બાબતે જણાવ્યુ હતુ કે પ્લેસમેંટ, ઈન્ટેન્શીપ, આન્ત્રપેન્યોરસેલ, ઈંડસ્ટ્રિયલ વિઝિટ સહિતની બાબતો પર કૉલેજ વિશેષ ભાર મૂકે છે જેથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઈ શકે. સ્નેહમિલન થકી પ્રસ્થાપિત થતા નવા સબંધોથી ભૂતપુર્વ વિદ્યાર્થીઓ એકબીજા સાથે ધંધાકીય સબંધો




પ્રસ્થાપિત કરી રોજગારીની તકો વધારી શકે છે. કૉલેજ દ્વારા કંટીન્યૂઅસ અલ્યૂમિની ઈન્ટેરેક્ષન કૉન્સેપ્ટ હેઠળ (CAIC)હેઠળ વર્ષ દરમ્યાન ભૂતપુર્વ વિદ્યાર્થીઓને કૉલેજની અનેકવીધ વિદ્યાર્થી વિકાસ પ્રવૃતિઓમાં સામેલ કરવામાં આવે છે જેમાં અલ્યૂમિની ઍક્સપર્ટ લેક્ચર્સનો સમાવેશ પણ થાયછે અત્રે કૉલેજ દ્વારા ૨૮ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.જેઓ કૉલેજને વિદ્યાર્થીઓનાં વિકાસ માટેનાં કાર્યમાં મદદરૂપ થઈ રહ્યા છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સતત વિકાસલક્ષી કાર્ય માટે સંપર્ક માં રહેવા માટે કોલેજ દ્વારા કોલેજની વેબ પેજ પર લીંકની શરૂઆત કરવામાં અવી જેની મદદથી દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થી નો સરળતાથી સંપર્ક સાધી શકાય. કૉલેજનાં સ્થાપના વર્ષ ૧૯૯૯ થી લઈ અને ગત વર્ષે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એલ્યુમની મીટ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ હાલના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૩ કંપનીઓ આવી હતી. ભૂતપુર્વ વિદ્યાર્થીઓનાં સ્વાગત માટે બીબીએનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતીક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેને તમામ લોકોએ ખૂબ બિરદાવ્યો હતો. કાર્યક્રમના મેનેજમેન્ટમાં બીબીએનાં વિદ્યાર્થીઓ પણ સામેલ હતા.

## નર્સિંગ કોલેજ ખાતે વિશ્વ આરોગ્ય દિવસ ઉજવાયો






ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં આજે સેકટર-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે વિશ્વ આરોગ્ય દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ દ્વારા 'યુનિવર્સલ હેલ્થ કવરેજ-એવરીવન, એવરીવ્હેર' થીમ આધારિત કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં આ વિષયે પ્રસ્તુત કરવામાં આવેલું નાટક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ ઉપરાંત કોલેજના એમ.એસ.સી.ના અભ્યાસક્રમના બીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના આચાર્ય રાજેશ રાવલ તથા પ્રોગ્રામ કોઓર્ડિનેટર ભાવિષા પટેલના માર્ગદર્શન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રોટરી કલબની કામગીરી રાજયપાલે પણ બિરદાવી

ગાંધીનગર, તા.૮

રોટરી કલબ દ્વારા સમાજના નબળા વર્ગો માટે કરવામાં આવેલ કાર્યોને રાજયપાલ ઓ.પી. કોહલી દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. રોટરી ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ ૩૦૫૪ના આસી. ગવર્નર જશવંત ગાંધીની આગેવાની હેઠળ અગ્રણી સભ્યોએ ગુજરાત રાજયના રાજયપાલ ઓ.પી. કોહલીની મુલાકાત લીધી હતી. જેમાં રોટરી કલબ ગાંધીનગર, મહેસાણા, કડી, વિજાપુર, દહેગામ, વિસનગર દ્વારા સામાજીક, શૈક્ષણિક, આરોગ્યલક્ષી અને પર્યાવરણ લક્ષી પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી રજુ કરી હતી. રાજયપાલ દ્વારા સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યોને બિદાવવામાં આવ્યા હતા અનો વિશ્વમાં આ પ્રવૃત્તિઓ વ્યાપક રીતે વિવિધ વર્ગોને ઉપયોગી થાય તેવી આશા વ્યકત કરી હતી. રાજયપાલ સાથેની મુલાકાતમાં આસી. ગર્વનર જશવંત ગાંધી, ડૉ. સમીર બાબરીયા, નિગમ ચૌધરી, કલ્પેશ શાહ, અનંત પટેલ, ડૉ. ધર્મેન્દ્ર પટેલ, દિનેશસિંહ ચાવડા અને રમેશભાઈ ચૌધરી તથા અન્ય સભ્યો હાજર રહ્યા હતા.



# જીટીયુ સેન્ટ્રલ ટેકફેસ્ટમાં રોબોટ આકર્ષણનું કેન્દ્ર

### વિદ્યાર્થીઓએ બનાવેલા રોબોટે મહેમાનોનું અભિવાદન કર્યું : અમદાવાદના ટ્રાફિક કમિશનર એ.કે. સિંઘે વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોનું આજીવન પાલન કરવાના શપથ લેવડાવ્યા



ગાંધીનગર, તા.૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની પરંપરાગત ઈવેન્ટ 'જીટીયુ સેન્ટ્રલ ટેક ફેસ્ટ-૨૦૧૯'નો આજે ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજની યજમાનીમાં પ્રારંભ થયો હતો. ટેકફેસ્ટના ઉદઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન પદે અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસના કમિશનર એ.કે. સિંઘ ઉપરાંત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ડૉ. જૈમિન વાસા તથા સિલ્વર ઓક કોલેજના એકિઝકયુટિવ ડાયરેકટર જનક ખંડાવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં વિદ્યાર્થીઓએ બનાવેલા રોબોટે એ.કે. સિંઘનું અભિવાદન કર્યું હતું. આ સાથે અન્ય આમંત્રિતોનું પણ રોબોટ દ્વારા અભિવાદન કરવામાં આવતા સમારંભમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

'ડ્રાઈવીંગ ગ્રીન વીથ ઈન્ટેલિજન્સી' થીમ આધારિત પ્રારંભ થયેલા ટેક ફેસ્ટ ટ્રાફિક પોલીસ અધિકારી એ.કે. સિંઘે વિદ્યાર્થીઓને આજીવન ટ્રાફિકના નિયમોનો ભંગ નહીં કરવાના તેમજ હંમેશા હેલ્મેટ, સીટબેલ્ટ વગેરેનો ઉપયોગ કરી ટ્રાફિક જાગૃતિ અંગે કાર્યરત રહેવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે જનક ખંડાવાલાએ જણાવ્યું હતું કે 'વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ કરવાની તક આ પ્રકારની ટેકનોલોજીકલ ફેસ્ટીવલ ઈવેન્ટ દ્વારા પ્રાપ્ત થાય છે જના થકી તેમનામાં ટેકનિલ ઉપરાંત સંચાલન કૌશલ્ય પણ વિકાસ પામે છે.' જીટીયુ ટેક ફેસ્ટના ઉદઘાટન સમારંભમાં જીટીયુના રજીસ્ટ્રાર જે.સી. લીલાણી તથા યજમાન કોલેજના આચાર્યા આર.કે. ગજ્જર પણ ઉપસ્થિત રહ્યા હતા. જીટીયુ ટેક ફેસ્ટમાં આકર્ષણના કેન્દ્ર રૂમ એટીવી મેગા ઈવેન્ટ સહિત ત્રિશુલ કોન્કલેવ જેવી રસપ્રદ સ્પર્ધાઓ ઉપરાંત નોન ટેકનિકલ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી છે.

### રોમાંચક એટીવી ચેમ્પિયનશીપનો પ્રારંભ

જીટીયુ સેન્ટ્રલ ચેક ફેસ્ટ ૨૦૧૯માં મિકેનિકલ, ઓટોમોબાઈલ અને મેકાટ્રોનિસ ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે યોજાતી એટીવી વ્હીકલ્સ ઈવેન્ટમાં ૧૬ ટીમોએ ભાગ લીધો છે. જેમાં ગુજરાત તથા મહારાષ્ટ્રની વિવિધ કોલેજોની ટીમોનો સમાવેશ થાય છે. એટીવી ચેમ્પિયનશીપમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ટેકનોલોજીકલ વ્હિકલ્સની રેસ યોજાય છે. જેમાં વિવિધ પ્રકારના સ્ટેજ સ્પેશિયલ તૈયાર કરાયેલા ૫૦૦ મીટરના ટ્રેક પર પાર કરવાના હોય છે. ચાર રાઉન્ડમાં યોજાતી આ રોમાંચક ચેમ્પિયનશીપ વિદ્યાર્થીઓને ખૂબ પસંદ આવે છે.

